P.07

છૂટાછેડાની અફવાઓ વચ્ચે ઐશ્વર્યા-અભિષેક શાંત મૂડમાં જોવા મળ્યા



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૧ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ વદ ૦૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 11 • Dt.11-08-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

P.07

ડેટિંગની અફવા વચ્ચે આશા ભોંસલેની પૌત્રી જનાઈએ ક્રિકેટર સિરાજને રાખડી બાંધી




અંતિમ સંસ્કાર કર્યા પછી લોકો પાછા ફરી રહ્યા હતા, ત્યારે બસ ખાઈમાં પડી ગઈ । ૨૫ લોકોના મોત

07



**11**
AUGUST- 2025
MONDAY



07

ટ્રમ્પ આખરે વ્હાઈટ હાઉસ ખાતે અઝરબૈજાન અને આર્મેનિયા વચ્ચે શાંતિ કરાર કરવામાં સફળ રહ્યા

ડ્રિલ પહેલા નેવિગેશન એરિયા વોર્નિંગ પણ જાહેર કર્યું

## ભારત-પાક.ની નૌસેના ઓપરેશન સિંદૂર બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ યથાવત

# ગુજરાત નજીક અરબ સાગરમાં હલચલ તેજ । ફાયરિંગ ડ્રિલ કરશે

### ભારત અને પાકિસ્તાન બંને દેશોની નૌસેના પોતપોતાના દેશની સરહદમાં સબ સરફેસ ફાયરિંગ ડ્રિલ કરશે । વોર્નિંગ જાહેર કરીને મરીન ટ્રાફિકને ડ્રિલવાળા વિસ્તારથી દૂર રહેવા સલાહ આપવામાં આવી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

ભારત-પાક.ની નૌસેના ઓપરેશન સિંદૂર બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ યથાવત છે. એવામાં હવે અરબ સાગરમાં હલચલ વધવાની છે. ભારત અને પાકિસ્તાનની નૌસેના એક જ સમયે ફાયરિંગ ડ્રિલ કરશે. બંને દેશોની નૌસેનાએ ડ્રિલ પહેલા નેવિગેશન એરિયા વોર્નિંગ પણ જાહેર કર્યુ છે. ભારત અને પાકિસ્તાન બંને દેશોની નૌસેના પોતપોતાના દેશની સરહદમાં સબ સરફેસ ફાયરિંગ ડ્રિલ કરશે. વોર્નિંગ જાહેર કરીને મરીન ટ્રાફિકને ડ્રિલવાળા વિસ્તારથી દૂર રહેવા સલાહ આપવામાં આવી છે.

ઓખા તટ નજીક ૧૧ ઓગસ્ટે સવારે ૧૧.૩૦ વાગ્યાથી ૧.૩૦ વાગ્યા સુધી ફાયરિંગ ડ્રિલ કરાશે ૧૨ ઓગસ્ટે પોરબંદર તટ નજીક રાત્રિના રાત્રિના ૧૨.૩૦ વાગ્યાથી ૬.૩૦ વાગ્યા સુધી ફાયરિંગ ડ્રિલ કરાશે ૧૩ ઓગસ્ટે મોરમુગાઓ તટ નજીક રાત્રિના ૧.૩૦ વાગ્યાથી ૬ વાગ્યા સુધી ફાયરિંગ ડ્રિલ કરાશે બીજી તરફ પાકિસ્તાને પણ ૧૧ ઓગસ્ટની સવારના ૪ વાગ્યાથી ૧૨ ઓગસ્ટની સાંજના ૪ વાગ્યા સુધી નેવિગેશન એરિયા વોર્નિંગ જાહેર કરી છે. નૌસેનાની વોર્નિંગ અનુસાર ભારતીય સેના ૧૧ અને ૧૨ ઓગસ્ટે ગુજરાતનાં પોરબંદર અને ઓખાના તટ પાસે અભ્યાસ કરશે. નોંધનીય છે કે આ પ્રકારના સૈન્ય અભ્યાસ બંને દેશોની સેનાઓ નિયમિત રૂપે કરતી જ હોય છે.



ભારત-પાક.ની નૌસેના ઓપરેશન સિંદૂર બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ યથાવત છે. એવામાં હવે અરબ સાગરમાં હલચલ વધવાની છે. ભારત અને પાકિસ્તાનની નૌસેના એક જ સમયે ફાયરિંગ ડ્રિલ કરશે. બંને દેશોની નૌસેનાએ ડ્રિલ પહેલા નેવિગેશન એરિયા વોર્નિંગ પણ જાહેર કર્યું છે. ભારત અને પાકિસ્તાન બંને દેશોની નૌસેના પોતપોતાના દેશની સરહદમાં સબ સરફેસ ફાયરિંગ ડ્રિલ કરશે. વોર્નિંગ જાહેર કરીને મરીન ટ્રાફિકને ડ્રિલવાળા વિસ્તારથી દૂર રહેવા સલાહ આપવામાં આવી છે.

પિયુષ રાદડિયાએ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ પર આક્ષેપો કરી ૬ મહિનામાં જ રાજીનામું ધરી દીધું

## ગોંડલ શહેર વિહિપ પ્રમુખ પિયુષ રાદડિયાનું રાજીનામું જયરાજસિંહ દ્વારા પરેશાન કરાતા હોવાનો આક્ષેપ

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૧૦ ।

ગોંડલ શહેર વિહિપ પ્રમુખ પિયુષ રાદડિયાએ રાજીનામુ આપી દેતા ગોંડલના રાજકારણમાં ફરી એકવખત ગરમાવો આવ્યો છે.પિયુષ રાદડિયાએ પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ પર આક્ષેપો કરી ૬ મહિનામાં જ રાજીનામું ધરી દીધું છે. વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ તરીકે પોતાના નામની દરખાસ્ત કરનારા લોકોને જયરાજસિંહ દ્વારા એનકેન પ્રકારે પરેશાન કરાતા હોવાનો આક્ષેપ કર્યો છે. રાદડિયાએ કહ્યું હતું કે, જયરાજસિંહને જે વ્યકિત પસંદ ન હોય તેને કોઈ કાર્યક્રમમાં બોલાવો એટલે તે હેરાન કરે. રાજીનામું આપતા કહ્યું કે, આપણા રાજીનામાથી કોઈને શાંતિ થતી હોય તો આપણે હોદા પર ન રહેવું જોઈએ.પિયુષ રાદડિયાએ વિહિપના જિલ્લા અધ્યક્ષ કનુભાઈ લાલુંને સુપરત કરેલા પોતાના રાજીનામા પત્રમાં ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે જણાવ્યું કે, “જે સમયથી મારી નિમણૂક થઈ, તે સમયથી જ મારા નામની દરખાસ્ત કરનાર હિરેન ડાભી પર મારા રાજકીય હરીફ અને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા દ્વારા પારિવારિક તથા રાજકીય દબાણ લાવી મને આ જવાબદારીથી રોકવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા .તેમણે વધુમાં ઉમેર્યું કે, માત્ર હિરેનભાઈ જ નહીં, પરંતુ વિહિપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં વર્ષોથી નિષ્ઠાપૂર્વક કામ કરતા ધર્મેન્દ્ર રાજાણી પર પણ અનેક પ્રકારે દબાણ લાવી તેમને અધ્યક્ષ પદેથી હટાવવા માટે કાવતરાં ઘડવામાં આવ્યાં હતાં. રાદડિયાએ એવો પણ આરોપ લગાવ્યો કે હનુમાન જયંતિ જેવા પવિત્ર ધાર્મિક તહેવારને પણ રાજકીય અખાડો બનાવવાનો પ્રયાસ થયો હતો.







લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

ગુજરાત રાજ્યના માણાવદર અને બાંટવામાં

# પોલીસના આશીર્વાદથી જુગાર ચાલતો હોવાનો ધારાસભ્યનો આક્ષેપ

## ૭૦ થી ૮૦ હજાર રૂપિયાનું સેક્શન લઈને ક્લબો ચલાવવામાં આવી રહી હોવાના ધારાસભ્યોએ આક્ષેપ કર્યા

| પ્રતિનિધિ, જૂનાગઢ,તા.૧૦ |

બાટવા અને માણાવદર શહેર વિસ્તારમાં જુગારની મોટી ક્લબો ચાલી રહી હોવાના ગંભીર આક્ષેપો માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ કર્યા હતા. જેમાં તેમણે જણાવ્યું હતું કે, તેમના સુધી એવી રજૂઆતો પહોંચી હતી કે અહીં રોજના ૭૦ થી ૮૦ હજાર રૂપિયાનું સેક્શન લઈને ક્લબો ચલાવવામાં આવી રહી હોવાના ધારાસભ્યોએ આક્ષેપ કર્યા છે. જેમાં પોલીસે આક્ષેપોનો પાયાવિહોણા ગણાવ્યા છે.. ધારાસભ્ય લાડાણીએ વધુમાં જણાવ્યું હતું કે, તેમને છેલ્લા બે દિવસથી ફોન પર કાનવા મળ્યું કે તાલુકાના ગામડા અને શહેરોમાં ખાનગી રીતે જુગારની ક્લબો ચાલી રહી છે અને પોલીસ નાના માણસો પર ખોટા કેસ કરી માત્ર આંકડા બતાવતી રહે છે.આ સમગ્ર મામલે બાટવાના પીએસઆઈ આર. એમ. વાળાએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, ધારાસભ્યના આક્ષેપો પાયા વિહોણા છે. તેમણે કહ્યું કે, બાટવા શહેરના ચુનારાવાડ વિસ્તારમાં ગઈકાલે જ પોલીસ દ્વારા રેડ પાડવામાં આવી હતી, જ્યાં અંદાજે ૧૫ જેટલા જુગારીઓ પત્તા રમતા હતા. રેડની ખબર પડતા મોટા ભાગના જુગારીઓ ભાગી છૂટ્યા હતા, જેમાંથી માત્ર ત્રણથી ચાર વ્યક્તિઓ પકડાઈ હતી.પીએસઆઈના જણાવ્યા મુજબ, જે જુગારીઓ પોલીસની કાર્યવાહીથી બચી



ગયા હતા એ જ લોકોએ ધારાસભ્યને ખોટી માહિતી આપી હતી, જેથી પોલીસની છબી ખરડાય. "કોઈપણ જગ્યાએ જુગાર ચાલતો હોય તો પોલીસ હંમેશા તટસ્થ રહી કાર્યવાહી કરે છે. આ કિસ્સામાં ફરાર જુગારીઓએ વાસ્તવિકતા કરતાં વિપરીત વાત કરી ધારાસભ્યને ગેરમાર્ગે દોર્યા છે," એમ પીએસઆઈએ કહ્યું હતું.ધારાસભ્યના આક્ષેપોનો વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થયો હતો, જ્યારે આ સમગ્ર મામલો ફરાર જુગારીઓ દ્વારા ધારાસભ્યને વાસ્તવિકતાથી અલગ જ રજૂઆત કરી ઉપજાવવામાં આવેલો હોવાનું સામે આવ્યું છે. બાટવા અને માણાવદર શહેર વિસ્તારમાં જુગારની મોટી ક્લબો ચાલી રહી હોવાના ગંભીર આક્ષેપો માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ કર્યા હતા.જેમાં તેમણે જણાવ્યું હતું કે, તેમના સુધી એવી રજૂઆતો પહોંચી હતી કે અહીં રોજના ૭૦ થી ૮૦ હજાર રૂપિયાનું સેક્શન લઈને ક્લબો ચલાવવામાં આવી રહી હોવાના ધારાસભ્યોએ આક્ષેપ કર્યા છે.

## છોટાઉદેપુરમાં બે નરાધમોએ ૮માં ધોરણમાં અભ્યાસ કરતી બાળકીને પીંખી નાખી

| પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૧૦ |

રાજ્યમાં વધતા જતા દુષ્કર્મના બનાવો હવે એક ચિંતાનો વિષય બન્યો છે. તેમાં પણ બાળકીઓ સાથે દિવસેને દિવસે દુષ્કર્મની ઘટનાઓ વધતી જઈ રહી છે. ત્યારે વધુમાં ફરી છોટાઉદેપુરના કવાંટ તાલુકાના એક ગામમાં ધોરણ ૮માં અભ્યાસ કરતી બાળકી સાથે દુષ્કર્મનો મામલો સામે આવ્યો છે. જાણીને તમને નવાઈ લાગશે કે શિક્ષકે જ તેની વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ આચર્યુ છે. જેને લઈને હાલ બાળકીની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે અને પોલીસે પણ આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં આવેલ એક ગામમાં આ બનાવ બન્યો છે.

## સહવિદ્યાર્થીઓના ત્રાસથી કંટાળીને ૨૧ વર્ષિય કોલેજીયન યુવતીનો એસિડ પી આપઘાત

| પ્રતિનિધિ, હિંમતનગર,તા.૧૦ |

ઈડરમાં ૨૧ વર્ષિય કોલેજીયન યુવતીએ સહવિદ્યાર્થિઓ દ્વારા હેરાનગતીને કારણે એસિડ પીને જીવન ટુંકાવ્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પરિવારના આક્ષેપો અનુસાર આ યુવતીને કોલેજ આવતા જતા સમયે વિદ્યાર્થીઓ અશ્લીલ હરકતો કરી પરેશાન કરતા હતા. જે બાબતે કોલેજ મેનેજમેન્ટને જાણ કરતા તેઓએ પણ આ બાબતને ગંભીરતાથી ન લીધી જેને કારણે આ વિદ્યાર્થિનીએ આવુ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે, ત્યારે આ બાબતે ફરિયાદ મળતા, જાદર પોલીસે આત્મહત્યા માટે દુષ્પ્રેરણા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, ઈડરના ઓડા ગામે નર્સિંગ કોલેજની ત્રીજા વર્ષની કરતી વિદ્યાર્થીની ૨૧ વર્ષીય હેતલ સુતરીયાએ ગઈ તારીખ ૭ ઓગસ્ટના રોજ એસીડ પીધું હતું જે બાદ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. જે બાદ મૃતના પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે કે, સહવિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને હેતલે આ પગલું ભર્યું છે.

## મિત્રનું દેવું ઉતારવા ભાઈએ ભાઈના જ ઘરમાં ધાડ પાડી

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૦ |

શહેરના વટવા વિસ્તારમાં સગા ભાઈએ જ સગા ભાઈનો વિશ્વાસઘાત કર્યો હોવાનો રસપ્રદ કિસ્સો સામે આવ્યો છે. એક યુવક નોકરીએ જતી વખતે બાજુમાં રહેતા સગા ભાઈના ઘરે ચાવી મૂકીને જતો હતો. આ દરમિયાનમાં તેના ઘરમાંથી રૂ. ૯.૩૫ લાખના દાગીનાની ચોરી થઈ હતી. ભોગ બનનાર યુવકે પોલીસને જાણ કરતા વટવા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી એક આરોપીને ઝડપી પાડ્યો હતો. જે આરોપીએ કબૂલાત કરી કે તેને ઓનલાઈન ગેમિંગમાં દેવું થઈ જતા તેણે ભોગ બનનારના ભાઈને હાથો બનાવ્યો હતો. જે બાદ આરોપીએ યુવકના ભાઈ સાથે મળીને ચોરીને અંજામ આપ્યો હતો. જેથી પોલીસે ભોગ બનનાર યુવકના ભાઈને પણ ઝડપી લીધો હતો. અને ચોરીના દાગીના ખરીદનાર સોની વેપારીને પણ ઝડપી લીધો છે.વટવામાં આવેલા ઓમશાંતિ નગરમાં રહેતા ચિરાગ રાણા ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટની નોકરી કરે છે. અને તેની પત્ની પાટણ જિલ્લામાં હોસ્પિટલમાં નર્સની નોકરી કરે છે. બંને દંપતીની નોકરી અલગ હોવાથી ચિરાગ એકલો ઘરે રહેતો હતો. સવારે નોકરીએ જાય ત્યારે પાડોશમાં રહેતા તેના સગા ભાઈ કૃણાલ દશરથલાલ રાણાના ઘરે મકાનની ચાવી આપીને નોકરીએ જતો રહેતો હતો. સાંજે નોકરીએ પરત આવીને ભાઈના ઘરેથી પોતાના મકાનની ચાવી લઈને તેના ઘરે જતો રહેતો હતો.

કેમિકલ ઠાલવ્યાની આશંકા

# અમરેલી જિલ્લાના મોટા લીલિયાના નિલકંઠ સરોવરનું પાણી અચાનક લીલું થઈ ગયું

| પ્રતિનિધિ, અમરેલી, તા.૯ |

અમરેલી રોડ પર આવેલા મોટા લીલિયાના પ્રખ્યાત નિલકંઠ સરોવરમાં કોઈ અજાણ્યા પદાર્થ ઠાલવવામાં આવ્યો હોવાની આશંકા સેવાઈ રહી છે, જેના કારણે સરોવરનું પાણી લીલુંછમ બની ગયું છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકો અને તંત્રમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, નિલકંઠ સરોવરના પાણીનો રંગ અચાનક બદલાઈને લીલો થઈ ગયો હતો. આ બાબતની જાણ થતાં લીલિયાના સરપંચ દ્વારા તાત્કાલિક મામલતદાર સહિતના વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા સરોવરના પાણીના સેમ્પલ લેવામાં



આવ્યા છે, જેને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

નિલકંઠ સરોવર વિસ્તારમાં સિંહો તેમજ અન્ય વન્ય પશુ-પક્ષીઓની અવરજવર કાયમી રહે છે. જો પાણીમાં કેમિકલ જેવો કોઈ ઝેરી પદાર્થ ભળ્યો હોય, તો તેનાથી વન્યજીવોના સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થઈ શકે છે. આથી, સ્થાનિક લોકોએ સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કરીને દોષિતો સામે કડક કાર્યવાહી કરવા માટે માંગ કરી છે.

હાલમાં પાણીમાં નાખવામાં આવેલો પદાર્થ કેમિકલ છે કે કેમ, તે સ્પષ્ટ થયું નથી. પાણીના સેમ્પલનો રિપોર્ટ આવ્યા બાદ જ આ અંગેનો સાચો ખુલાસો થઈ શકશે. તંત્ર દ્વારા આ મામલે સઘન તપાસ ચાલી રહી છે અને રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. અમરેલી રોડ પર આવેલા મોટા લીલિયાના પ્રખ્યાત નિલકંઠ સરોવરમાં કોઈ અજાણ્યા પદાર્થ ઠાલવવામાં આવ્યો હોવાની આશંકા સેવાઈ રહી છે, જેના કારણે સરોવરનું પાણી લીલુંછમ બની ગયું છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકો અને તંત્રમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, નિલકંઠ સરોવરના પાણીનો રંગ અચાનક બદલાઈને લીલો થઈ ગયો હતો. આ બાબતની જાણ થતાં લીલિયાના સરપંચ દ્વારા તાત્કાલિક મામલતદાર સહિતના વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી.

## પાવીજેતપુર : વાંકી ગામ પાસે બે એસટી બસ અને ઈકો કારનો અકસ્માત

| પ્રતિનિધિ, પાવીજેતપુર, તા.૧૦ |

પાવીજેતપુર તાલુકાના વાંકી ગામ પાસે આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બે સરકારી એસ.ટી. બસો સામસામે અથડાઈ હતી. આ અકસ્માતમાં બસની પાછળ આવી રહેલી એક ઈકો ગાડીને પણ નુકસાન થયું હતું. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કેટલાક મુસાફરોને સામાન્ય ઈજાઓ થઈ છે.આજે સવારે લગભગ ૭:૩૦ વાગ્યાની આસપાસ, છોટાઉદેપુરથી રાધનપુર જઈ રહેલી અને પાલનપુરથી છોટાઉદેપુર આવી રહેલી બે બસો વાંકી ગામના ત્રણ રસ્તા પાસે સામસામે અથડાઈ. આ વિસ્તારમાં સિહોદ ગામનો બ્રિજ તૂટી જવાથી વાહનવ્યવહાર આ વૈકલ્પિક માર્ગ પરથી પસાર થઈ રહ્યો છે, જેના કારણે ટ્રાફિકનું ભારણ વધારે રહે છે. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને બસને મોટું નુકસાન થયું હતું. બસની પાછળ ચાલી રહેલી ઈકો કાર પણ અકસ્માતનો ભોગ બની હતી. આ ઘટનામાં બસમાં સવાર કેટલાક મુસાફરોને નાની-મોટી ઈજાઓ થતા ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.અકસ્માત બાદ બંને બસો રસ્તા વચ્ચે ઊભી રહી જતાં લગભગ ૨ કિલોમીટર સુધીનો ટ્રાફિકજામ સર્જાયો હતો.

## સાણંદના યુવક નિરંજન શર્માની હત્યા, બે સાથી મિત્રની ધરપકડ

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૦ |

જિલ્લાના સાણંદમાં આવેલ પાંજરાપોળ નજીક આવેલ અવાવરુ જગ્યામાંથી ૧૦મી જુનના દિવસે સવારે ૧૧ વાગ્યા આસપાસ એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જો કે યુવકની કોઈ ઓળખ ના થતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી હતી. આખરે યુવકની ઓળખ થતાં પોલીસે તેના મોબાઈલની કોલ ડિટેઈલના આધારે વધુ તપાસ શરૂ કરી હતી. તો બીજી તરફ પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ શ્વાસ રૂંધાઈ જવાથી યુવકનું મોત થયું હોવાનું સામે આવતા યુવકની હત્યા થઈ હોવાની આશંકા ગઈ હતી. જેમાં સફળતા મળતા પોલીસે બે આરોપીઓને ઝડપી લીધા છે. પોલીસે મૃતક યુવક નિરંજન શર્માના બે સાથી મિત્ર રવિકુમાર રાય અને સોનલ ઘાટની ધરપકડ કરી છે..જ્યારે સન્ની મંડલ નામનો આરોપી ફરાર છે.મૃતક નિરંજન શર્મા મૂળ બિહારનો રહેવાસી છે. જે છેલ્લા એક વર્ષથી સાણંદમાં ખાનગી કંપનીમાં કામ કરે છે. જેની સાથે રવિકુમાર રાય, સોનલ ઘાટ અને સન્ની મંડલ પણ કામ કરે છે. અને ચારેય મિત્રો સાથે જ બે અલગ અલગ રૂમમાં રહે છે. નિરંજન શર્માનો પરિવાર આર્થિક રીતે સદ્ધર હોવાની જાણ થતાં જ રવિ, સન્ની અને સોનલે સાથે મળીને ખંડણી માંગવાનો પ્લાન ઘડ્યો હતો.



### આરોપીઓ એ લાખો રૂપિયાનું કૌભાંડ આચર્યું છે

# ગુજરાત રાજ્ય એટીએસ એ યુરોપના બોગસ વિઝનું કૌભાંડનો પર્દાફાશ કર્યો

**લક્ઝમબર્ગના બોગસ વિઝા કૌભાંડ કેસમાં મુખ્ય ૪ આરોપીઓની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૦ ।

ગુજરાત એ.ટી.એસ. દ્વારા એક મોટા બોગસ વિઝા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કૌભાંડમાં લક્ઝમબર્ગ સહિતના વિવિધ દેશોના નકલી વિઝા બનાવી લોકોને છેતરવા માં આવતા હતા. આ બોગસ વિઝા કૌભાંડ મામલા માં ગુજરાત ats એ મયંક ભારદ્વાજ, તેજેન્દ્ર ગક્ક્ર, મનીષ પટેલ અને તબરેજ કશ્મીરી સહિત ચાર મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે અને વધુ પૂછ પરછ હાથ ધરી છે.




ગુજરાત એ.ટી.એસ.ની ટીમને મળેલી બાતમીના આધારે આ સમગ્ર તપાસ શરૂ કરવામાં આવી હતી. બાતમી માં મયંક ભારદ્વાજ અને તેના સાગરિતો પર બોગસ વિઝા બનાવી આપવાનો આરોપ હતો. આ બાતમીના આધારે ગુજરાત એટીએસ એ મયંક અને તેજેન્દ્ર ગક્ક્રને પૂછપરછ માટે બોલાવ્યા હતા. પૂછપરછ દરમિયાન બંને એ કબૂલ્યું કે તેમણે મનીષ પટેલ મારફતે પાંચ વ્યક્તિઓને લક્ઝમબર્ગ ના નકલી વિઝા અપાવ્યા હતા, જેના બદલામાં તેમણે મોટી રકમ લીધી હતી. આ નકલી વિઝા નું કામ મનીષ પટેલ મુંબઈ ના તબરેજ કશ્મીરી પાસે કરાવતો હતો.

ગુજરાત એટીએસ તપાસ દરમિયાન, એ.ટી.એસ. દ્વારા ભોગ બનનાર પાંચ વ્યક્તિઓના વિઝાની ખરાઈ માટે લક્ઝમબર્ગ ની એમ્બેસી નો સંપર્ક કરવામાં આવ્યો હતો. એમ્બેસીએ સ્પષ્ટપણે જણાવ્યું કે આ તમામ વિઝા નકલી છે અને તેમની એમ્બેસી દ્વારા ઈશ્યુ કરવામાં આવ્યા નથી. વધુ પૂછ પરછ માં સામે આવ્યું હતું કે આ પાંચેય આરોપીઓએ અગાઉ પણ વિઝા માટે અરજી કરી હતી, જે નોકરી ના ખોટા દસ્તાવેજો ને કારણે નામંજૂર કરવામાં આવી હતી.આ પાંચ કેસ ઉપરાંત, પોલીસ ની વધુ પૂછપરછમાં આરોપીઓના મોબાઈલ ફોનમાંથી અન્ય ૩૯ વ્યક્તિઓના બોગસ વિઝા બનાવ્યા હોવાનું પણ બહાર આવ્યું છે. આરોપી ઓએ આ તમામ ૩૯ લોકો પાસેથી ૮ લાખ થી લઈ ને ૧૨ લાખ રૂપિયા સુધીની રકમ પેટે લાખો રૂપિયા પડાવી ને તેમના પાસપોર્ટ પર નકલી વિઝા ના સ્ટીકરો લગાવી ને છેતરપિંડી કરી હતી. ગુજરાત એ.ટી.એસ દ્વારા ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર તબરેજ કશ્મીરી સહિત મયંક ભારદ્વાજ, તેજેન્દ્ર ગક્ક્ર અને મનીષ પટેલ ની ધરપકડ કરવામાં આવી છે. એ.ટી.એસ. દ્વારા આ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે સઘન તપાસ ચાલુ કરી છે. ગુજરાત એ.ટી.એસ.ની ટીમને મળેલી બાતમીના આધારે આ સમગ્ર તપાસ શરૂ કરવામાં આવી હતી. બાતમી માં મયંક ભારદ્વાજ અને તેના સાગરિતો પર બોગસ વિઝા બનાવી આપવાનો આરોપ હતો.

### ૭૦-૭૦ હજાર રૂપિયાના હપ્તા લેવાતા હોવાનો આરોપ

# જૂનાગઢમાં ભાજપના જ ધારાસભ્ય પોલીસ સામે ધરણાં ઉપર બેઠા

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧૦ ।

જૂનાગઢના માણાવદર અને બાંટવા વિસ્તારમાં પોલીસની મિલીભગતથી ગેરકાયદે પ્રવૃત્તિ ચાલતી હોવાને લઈને ભાજપના જ ધારાસભ્યે ગંભીર આક્ષેપ કર્યા છે. જેને લઈને MLA અરવિંદ લાડાણી પોલીસ સામે ધરણાં પર બેઠા છે. ધારાસભ્યે માણાવદર અને બાંટવા પોલીસ દિવસના ૭૦-૭૦ હજાર રૂપિયાનો હપ્તા લેતી હોવાના આક્ષેપ કર્યા છે.

મળતી માહિતી મુજબ, ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણી અને તેમના સમર્થકો માણાવદર પોલીસ સ્ટેશન સામે ધરણાં પર બેઠા છે. લાડાણીએ આક્ષેપ કર્યા છે કે, પોલીસ અધિકારીઓ હપ્તા લઈને હરતી ફરતી ક્લબ ચલાવાની મંજૂરી આપી રહ્યા છે. ક્લબના કારણે યુવાનો ગેરમાર્ગે જઈ રહ્યા છે.

જૂનાગઢમાં ભાજપના જ ધારાસભ્યએ પોલીસ સામે ગંભીર આક્ષેપ મૂક્યા છે, ત્યારે પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. સમગ્ર મામલે ધારાસભ્યએ નિષ્પક્ષ તપાસ અને જવાબદાર અધિકારી સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. જ્યારે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પોલીસ પરના ગંભીર આક્ષેપ મામલે યોગ્ય તપાસના આદેશ આપ્યા હોવાનું સામે આવ્યું છે. જૂનાગઢના માણાવદર અને બાંટવા વિસ્તારમાં પોલીસની મિલીભગતથી ગેરકાયદે પ્રવૃત્તિ ચાલતી હોવાને લઈને ભાજપના જ ધારાસભ્યે ગંભીર આક્ષેપ કર્યા છે.

## વાવોલમાં ફાટકના કારણે ટ્રાફિકથી પરેશાન લોકોનો રોષ ભભૂક્યો

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૦ ।

ગાંધીનગરના વાવોલમાં એક કલાકથી વધુ સમય માટે ફાટક બંધ રહેતા વાહન ચાલકો રોષે ભરાયા હતા. જેથી ટ્રાફિકથી પરેશાન લોકોએ ટ્રેન રોકીને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. મળતી માહિતી મુજબ, ટેક્નિકલ કારણોસર ફાટક બંધ રહ્યું હોવાનું સામે આવ્યું હતું, ત્યારે બંધ હાલતમાં રહેલા ફાટક પાસે ઊભેલા વાહનચાલકો પરેશાન થતાં વિરોધ નોંધાવ્યો હતો. મળતી માહિતી મુજબ, ગાંધીનગર શહેરના વાવોલ ફાટકથી વાહનોની અવર-જવર વધુ રહેતી હોય છે. જ્યારે તહેવારના સમયે વાવોલ ફાટક બંધ રહેવાના કારણે રાહદારીઓ ટ્રાફિકમાં અટવાયા હતા. જોકે, એક કલાક સુધી ફાટક બંધ હાલતમાં રહેતા ભારે ટ્રાફિકજામમાં ફસાયેલા લોકોએ રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, 'અહીં ટ્રાફિકજામની સમસ્યાની વારંવાર જોવા મળે છે. જેથી લોકોને મુશ્કેલી ભોગવવી પડે છે.' જ્યારે એક કલાક સુધી ફાટક બંધ રહેતા લોકોએ ત્યાંથી પસાર થતી એક ટ્રેનને રોકી હતી. સમગ્ર મામલે સ્થાનિક પોલીસ અને રેલવેનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી પહોંચીને સ્થિતિ કાબૂમાં લીધી હતી.

## ધાનેરાના યુવકની આબુની પહાડીઓ પર હત્યા કરાઈ

। પ્રતિનિધિ, બનાસકાંઠા, તા.૧૦ ।

આબુના રમણીય પહાડો પર ધાનેરાના યુવાનની લૂંટના ઈરાદે હત્યાની ઘટના બની છે. જે જગ્યાએ લોકો શાંતિ અને સૌંદર્યના અનુભવ સાથે મોજ કરવા આવે છે, ત્યાં જ ધાનેરાના હડતા ગામના પરિવારે પોતાના એકના એક દીકરાને ગુમાવ્યો છે.. હવે નજર કરીએ એક ગંભીર ગુનાની ગાથા, જેમાં નિર્દોષ પ્રવાસીનો જીવ ગયો અને પાછળ રહી ગઈ માત્ર શોક અને પીડા. ગુજરાતના ધાનેરાના હડતા ગામના બે મિત્રો નરેશ અને હિતેશ માઉન્ટ આબુ ફરવા જઈ રહ્યા હતા. બપોરના આસપાસનો સમય હતો, તેઓ વાઘનાળા પાસે રસ્તાની બાજુમાં પોતાની બાઈક ઊભી રાખીને ફોન પર વાત કરી રહ્યા હતા. આ એક એવી ક્ષણ હતી જેણે એક પરિવારની ખુશી છીનવી લીધી. અચાનક બે મોટરસાઈકલ પર છ યુવાનો ત્યાં આવ્યા. એમણે નરેશ અને હિતેશ પાસેથી મોબાઈલ અને અન્ય સામાન લૂંટવાની કોશિશ કરી. જ્યારે આ બંને પ્રવાસીઓએ તેનો પ્રતિકાર કર્યો, ત્યારે હુમલાખોરોએ એમની પર ચાકુથી હુમલો કરી દીધો. આ હુમલામાં નરેશને સામાન્ય ઈજા થઈ, પરંતુ હિતેશને છાતીના ભાગે ચાકુનો જીવલેણ ઘા મારવામાં આવ્યો. ગંભીર રીતે ઘાયલ હિતેશ ત્યાં જ ઢળી પડ્યા. નરેશ પ્રવાસીઓની ગાડી ઊભી રખાવી હિતેશને આબુરોડની સરકારી હોસ્પિટલ લઈ ગયા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા.આ ઘટનાની જાણ થતા જ શિરોહીના જિલ્લા પોલીસ અધિક્ષક ડો. પ્યારેલાલ શિવરાન તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયા. એમણે ફોરેન્સિક અને મોબાઈલ ટીમને પુરાવા એકઠા કરવા બોલાવી. આ મામલાની ગંભીરતાને જોતાં, એસપીએ ૨૦ અલગ-અલગ પોલીસ ટીમોની રચના કરી અને આરોપીઓને તાત્કાલિક પકડવા માટે આદેશ આપ્યો. પોલીસ માટે આ પડકાર હતો. આરોપીઓની કોઈ ઓળખ નહોતી.






## તંત્રી લેખ..

# ગન કલ્ચરને લઇ ચર્ચા

વિશ્વના જુદા જુદા દેશોમાં ગન કલ્ચરને લઈને હાલમાં ભારે ચર્ચા રહી છે. અમેરિકા સહિતાના કેટલાક દેશો ખુલ્લી રીતે ગન કલ્ચરને ટેકો આપી ચુક્યા છે ત્યારે તેમના વિરોધમાં પણ કેટલાક દેશ આગળ આવ્યા છે તે બાબત સ્વાગતરૂપ છે. અમેરિકાના પ્રમુખ દ્વારા બંદુક સંસ્કૃતિ અથવા તો ગન કલ્ચરના સમર્થનમાં હાલમાં આપવામાં આવેલુ નિવેદન ચોક્કસપણે શરમજનક અને વખોડવાલાયક નિવેદન છે. બીજી બાજુ આ નિવેદનને લઈને ખાસ કરીને ફ્રાન્સ અને બ્રિટનમાં અમેરિકાની કરવામાં આવેલી નિંદા સ્વાગતરૂપ છે. દુનિયાના જાગૃત દેશો અમેરિકાના નિવેદનની જોરદાર ટિકા કરી રહ્યા છે. આવા નિવેદનની ટિકા કરવામાં આવે તે જરૂરી પણ છે. થોડાક સમય પહેલા અમેરિકી પ્રમુખે અમેરિકાની રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનની બેઠકમાં ગન કલ્ચરની વાત કરીને તમામને ચોંકાવી દીધા છે. ગન લોબીને ખુશ કરનાર નિવેદન આપવા બદલ અમેરિકાના સત્તાધીશોની ચારેબાજુ ટિકા થઈ રહી છે. એ વખતે અમેરિકાના પ્રમુખે કહ્યુ હતુ કે કે ફ્રાન્સમાં જો ઉદાર નિયમ રહ્યા હોત તો વર્ષ ૨૦૧૫મા ફ્રાન્સને ત્રાસવાદી હુમલાનો સામનો કરવો પડ્યો ન હોત. સાથે સાથે તેમણે એમ પણકહ્યુ હતુ કે લંડનમાં છુરાબાજીની ઘટના એટલા માટે થાય છે કે ત્યાંના લોકો પાસે બંદુક નથી. ચિંતાની વાત એ છે કે જે દેશમાં બંદુક સંસ્કૃતિના કારણે પ્રતિ એક લાખની વસ્તી પર દર વર્ષે સરેરાશ ૨ ૩થી વધારે લોકો ઘાયલ થાય છે અને સરેરાશ ૧૦ લોકોના મોત થાય છે તે દેશના પ્રમુખ દુનિયાના દેશોમાં પણ બંદુક સસ્કૃતિને પ્રોત્સાહન આપવા ઈચ્છે તે શરમજનક નિવેદન છે. અમેરિકામાં સામાન્ય રીતે દર બીજી વ્યક્તિ પાસે ગન અથવા તો બંદુક છે. જેટલા લોકો ગનના કારણે નરસંહારનો શિકાર થાય છે તેના કરતા બે ગણા લોકો બન્દુક સરળ રીતે ઉપલબ્ધ થતા આત્મહત્યા કરી લે છે. આંકડા ચોક્કસપણે ચોંકાવનારા છે. છેલ્લા ૧૭ વર્ષના ગાળામાં અમેરિકી સ્કુલમાં ગન કલ્ચરના કારણે ૨૩ નરસંહાર થયા છે. એમ લાગે છે કે અમેરિકી પ્રમુખે આ દર્દનાક ઘટનાઓથી કોઈ પણ બોધપાઠ લીધા વગર આગળ વધવાની નીતિ અપનાવી છે. દરેક ભારતીય લોકો અમેરિકાની નિતીથી સામાન્ય રીતે પ્રભાવિત રહે છે. જેથી અમને વધારે સાવધાન રહેવાની જરૂર છે. થોડાક દિવસ પહેલા કસૌલીમાં એક અતિક્રમક ધારીએ અધિકારીની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. હરિયાણામાં ૧૨માં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પ્રિન્સિપાલને ગોળી મારી દીધી હતી. આ વધતા ખતરાને સમજી લેવાની તાકીદની જરૂર છે. બન્દુકો વેચી દેવા માટેની રણનિતીને રોકવાની જરૂર છે. બર્બર કાવતરાને રોકવાની જરૂર છે. દરેક દેશ અને સમાજને સમજી લેવાની જરૂર છે કે હવે એવી કોઈ પ્રવૃતિ આગળ વધવી જોઈએ નહી જેના કારણે હથિયારોના વેચાણને પ્રોત્સાહન મળી શકે છે. અમેરિકાના હથિયારના પ્રેમ પર તમામ દેશો સાથે મળીને બ્રેક મુકે તે જરૂરી છે. અમેરિકાના વર્તનની ટિકા કરવા માટે પણ વિશ્વના દેશો આગળ આવે તે જરૂરી છે. શાંતિની ખાતરી કરવાની દિશામાં દેશો આગળ વધે તે જરૂરી છે. જેથી હથિયારોની જરૂર પડશે નહી.

# વધતી વયની રફ્તાર પર બ્રેક લાગશે

**ગ્રીન ટીમાં અનેક પ્રકારના એન્ટી ઓક્સીડન્ટ અને પ્લાન્ટ કમ્પાઉન્ડ હોય છે જે લાંબા સમય સુધી સ્વસ્થ રાખવામાં મદદરૂપ સાબિત થાય છે**

વધતી વયની રફતાર પર આવનાર સમયમાં બ્રેક મુકાશે. ૫૦ વર્ષ વયમાં પણ હવે જવાન રહી શકાશે. વૈજ્ઞાનિકોએ સૌથી સરળ રીત દર્શાવીને તમામને સાવધાન કર્યા છે. આરોગ્યને લઈને પરેશાન લાખો લોકો માટે સારા રાહત ભરેલા સમાચાર આવ્યા છે. લાંબી અને સ્વસ્થ વય કઈ રીતે મેળવી શકાય તે બાબત જાણવા માટે તમામ લોકો હમેંશા સાવધાન રહે છે. જીવનશેલી અને ભોજન કરવાની ખરાબ ટેવના કારણે કેટલાક પ્રકારની ગંભીર બિમારી જ લાગી રહી નથી બલ્કે સમય કરતા પહેલા મોટી વય તરફ પણ લોકો વધી રહ્યા છે. લોકો ઝડપથી મોટી વય તરફ વધી રહ્યા છે. જેના માટે કેટલાક કારણો રહેલા છે. આ ઉપરાંત પર્યાવરણમાં વધતા જતા પ્રદુષણના કારણે પણ લોકો વય કરતા પહેલા વૃદ્ધાવસ્થા તરફ વધી રહ્યા છે. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસ પરથી દાવો કરવામાં આવ્યો છે કે વ્યવહારિક અને પર્યાવરણીય કારકોના પરિણામસ્વરૂપે લોકોની સરેરાશ વય સતત ઘટી રહી છે. તો શુ આ તમામ બાબતોથી બચી શકાય છે.

આ પ્રશ્નનો જવાબ હા છે. વૈજ્ઞાનિકોએ અભ્યાસ દરમિયાન એક ખાસ પીણાની માહિતી મેળવી છે. જેનો ઉપયોગ કરીને તમે વધતી વયની રફતાર પર બ્રેક મુકી શકાય છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે ગ્રીન ટીનો ઉપયોગ કરવાની બાબત સૌથી ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેમાં કેટલાક પ્રકારના એન્ટી ઓક્સીડન્ટ તેમજ પ્લાન્ટ કમ્પાઉન્ડ જોવા મળે છે. જે તમને લાંબા સમય સુધી સ્વસ્થ રાખવામાં સહાયક સાબિત થાય છે. સાથે સાથે સમય કરતા પહેલા વૃદ્ધાવસ્થાના લક્ષણોને પણ રોકવામાં મદદ કરે છે. ગ્રીન ટીનો ઉપયોગ માત્ર જવાન રાખવામાં જ મદદરૂપ સાબિત થતા નથી. સાથે સાથે તેના ઉપયોગથી શરીરને કેટલાક પ્રકારના ખાસ લાભ થાય છે. ગ્રીન લીને અભ્યાસમાં લાભદાયક હોવાની બાબતને સમર્થન મળ્યુ છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે ગ્રીન ટીમાં કેટલાક પ્રકારના આરોગ્ય લાભ રહેલા છે. તે આપના લાંબા જીવનના સપનાને પણ પૂર્ણ કરવામાં મદદ કરી શકે છે. ગ્રીન ટીને એન્ટી ઓક્સીડન્ટ, વિટામિન સી અને અન્ય કેટલીક જરૂરી પૌષખ તત્વોના એક સમૃદ્ધ સ્ત્રોત તરીકે ગણવામાં આવે છે. જે સ્કીનને સ્વસ્થ રાખવામાં મદદરૂપ સાબિત થાય છે. સાથે સાથે કેટલીક ગંભીર બિમારીની સામે પણ રક્ષણ આપે છે. ડાયાબિટીસ અને કેન્સર જેવી ગંભીર બિમારીમાં પણ ગ્રીન ટીના ઉપયોગ અંગે માહિતી મળી છે. ગ્રીન ટી સ્થુળતાને નિયંત્રિત કરવામાં ખાસ ભૂમિકા અદા કરે છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે ગ્રીન ટી મેટાબોલિજમને વધારીને વજનને ઘટાડી દેવામાં મદદરૂપ સાબિત થાય છે. વજનના નિયંત્રિત રહેવાથી કેટલાક ગંભીર બિમારીઓનો જોખમ ઓછા થઈ જાય છે. ગ્રીન ટીના ઉપયોગને શરીરની સાથે સાથે માનસિક આરોગ્ય માટે પણ લાભપ્રદ ગણવામાં આવે છે. ગ્રીન ટી કેફીન અને એન્ટી ઓક્સીડન્ટના એક મોટા સોર્સ તરીકે છે. જે મુડને વધારી દેવામાં મદદરૂપ સાબિત થાય છે. ન્યુરો ડીજેનેરિટિવ રોગોના વિકાસના જોખમને ઘટાડી દેવાની સાથે સાથે ગ્રીન ટીનો ઉપયોગ માનસિક રોગના ખતરાથી સુરક્ષા આપવામાં મદદગાર સાબિત થાય છે. લાંબી વય માટે અન્ય કેટલાક ખાસ કામ કરી શકાય છે.

કેટલાક પ્રકારના કારણોસર લોકોની વય સતત ઘટી રહી છે. શોધમાં જાણવા મળ્યુ છે કે ભોજન અને જીવનશૈલીમાં સ્વસ્થ ફેરફાર કરીને શરીરને સ્વસ્થ રાખી શકાય છે. જે આપને લાંબા સમય સુધી જીવિત રાખવામાં મદદરૂપ સાબિત થાય છે. આ ઉપરાંત શારરિક સક્રિયતા પણ ખબુ જરૂરી છે. લોકોમાં સમયની સાથે ઓછી થતી શારરિક ગતિવિધીના કારણે પણ કેટલાક પ્રકારના રોગ લાગુ થઈ જાય છે. જેના કારણે ઓછી વયમાં મૃત્યુ થવાનો ખતરો વધી જાય છે. વધતી વયને લઈને કેટલીક વખત જુદા જુદા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા છે. જો કે આ તારણ વધારે નક્કર છે.



**કોરોના વાયરસના કારણે કિંમતો ઘટી ગઇ છે : હાલમાં સારી તક**

**સંપત્તિને લઇને સલાહ આપનાર કંપની એનરોકના કહેવા મુજબ કોરોના વાયરસના કારણે આગામી દિવસોમાં આવાસની કિંમતોમાં વધુ ઘટાડો થનાર છે આ કંપનીએ તેના રિપોર્ટમાં કહ્યુ છે કે આ વર્ષે દેશના સાત મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકા સુધીનો ઘટાડો થઇ શકે છે**

# ઘરના સપનાને પૂર્ણ કરવાની તક છે

**મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકાનો ઘટાડો થનાર છે તેવો રિપોર્ટ તો પહેલાથી જ આવી ચુક્યો છે : વૈશ્વિક મંદીના ભણકારા વાગી રહ્યા છે**

કોરોના વાયરસના કારણે એસ્ટેટ સેક્ટરની હાલત તો પહેલાથી જ ખરાબ હતી અને કોરોના વાયરસના કારણે આ સેક્ટરની સ્થિતી વધારે ખરાબ થઈ ગઈ છે. સંપત્તિને લઈને સલાહ આપનાર કંપની એનરોકના કહેવા મુજબ કોરોના વાયરસના કારણે આગામી દિવસોમાં આવાસની કિંમતોમાં વધુ ઘટાડો થનાર છે. આ કંપનીએ તેના રિપોર્ટમાં કહ્યુ છે કે આ વર્ષે દેશના સાત મોટા શહેરોમાં ઘરના વેચાણમાં ૩૫ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. કંપનીએ એક રિપોર્ટમાં કહ્યુ છે કે વૈપારિક સંપત્તિના વેચાણ પર તેની માઠી અસર જોવા મળી શકે છે. વેચાણમાં મંદીના કારણે કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થનાર છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે પટ્ટા પર ઓફિસ માટેની ગતિવિધીઓમાં ૩૦ ટકાનો ઘટાડો થઈ શકે છે. રિટેલ ક્ષેત્રમાં ૬૪ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. એનરોક પ્રોપર્ટીના ચેરમેન અનુજ પુરીએ માહિતી આપતા કહ્યુ છે કે નરમ માંગ અને રોકડની ખરાબ સ્થિતીના કારણે રિયલ એસ્ટેટ સેક્ટરની હાલત તો પહેલાથી જ



ખરાબ થયેલી છે. હવે કોરોના વાયરસના કારણે સ્થિતી વધારે ખરાબ થઈ ગઈ છે. તેના કારણે પ્રતિકુળ સ્થિતી સર્જાઇ ગઈ છે. વેચાણમાં ઘટાડાની અસર કિંમતો પર થનાર છે. આવનાર દિવસોમાં ઘરની કિંમતોમાં વધારે ઘટાડો થનાર છે. હાલમાં સમગ્ર દેશઆ મહામારીથી બહાર નિકળવા માટે મથામણ કરી રહ્યુ છે. પરંતુ જ્યારે સ્થિતી સામાન્ય બનશે ત્યારે ઘરની ખરીદી કરવા માટે ઈચ્છુક લોકો માટે એક શાનદાર સ્થિતી રહેનાર છે. રિઝર્વ બેંકે હાલમાં રેપો રેટમાં ૭૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરી દીધો છે. કેટલીક બેંકો તો ગ્રાહકો સુધી તેના લાભને પહોંચાડી ચુક્યા છે. એવી અપેક્ષા પણ કરવામાં આવી રહી છે કે આવનાર દિવસોમાં રિઝર્વ બેંક હજુ વધારે ઘટાડો કરી શકે છે. જેના કારણે હોમ લોન ખુબ સસ્તી થઈ જશે. હોમ લોન પર પાંચ લાખ સુધી ટેક્સમાં છુટછાટનો લાભ લઈ શકાય છે. આ બજેટમાં ઘોષણો કરવામાં આવી હતી કે સેક્શષન ૮૦ ઈઈએ હેઠળ લોનના વ્યાજ પર ફેરચુકવણી પર ૧.૫ લાખની છુટછાટ અલગથી મળનાર છે. જો ઘરની કિંમત ૪૫ લાખ રૂપિયા છે તો તેના પર લાભ મળનાર છે. તે ઉપરાંત સેક્શન ૨૪બી હેઠળ વ્યાજ ફેરચુકવણી પર બે લાખની છુટછાટ પહેલાથી જ રહેલી છે. સાથે સાથે સેક્શન ૮૦ સી હેઠળ હોમ લોનની મુખ્ય રકમ પર ૧.૫ લાખની છુટછાટ રહેલી છે. સેક્શન ૮૦ ઈઈએનો લાભ લેવા માટેનવી તારીખને કોરોના વાયરસના કારણે વધારી દેવામાં આવી છે. પહેલા આ તારીખ ૩૧મી માર્ચ ૨૦૨૦ સુધી હતી કોરોના વાયરસના કારણે દેશ અને દુનિયામાં અભૂતપૂર્વ સ્થિતી હાલમાં સર્જાયેલી છે. તમામ પ્રવૃતિઓ બિલકુલ ઠપ્પ થયેલી છે. તમામ પ્રકારના કારોબાર બંધ છે. રેલવે અને બસ પરિવહન જેવી સેવા પણ બંધ રાખવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં મંદીના ભણકારા વાગી રહ્યા છે. કેન્દ્ર સરકારના લોકો પણ લોકડાઉનના સંબંધમાં કેટલાક સંકેત આપી ચુક્યા છે. જો કે આગામી બે ત્રણ મહિના સુધી હાલમાં સ્થિતી હળવી બને તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.



**કામની વાત : માત્ર એક સખ્ત ઇરાદાથી વ્યક્તિ ખોટી ટેવ છોડે છે...**

**જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે**

# મજબુત ઇરાદાથી શરાબ છોડી શકાય

**મજબુત ઇચ્છાશક્તિ હોય તો શરાબની ટેવને છોડી શકાય છે : મન પર નિયંત્રણ પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે : પારિવારિક સમર્થન જરૂરી**

દેશમાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મોટી સંખ્યામાં લોકો શરાબની ટેવથી ગ્રસ્ત છે. આ લોકોના પરિવારના સભ્યો પણ તેમની આ પ્રકારની ટેવના કારણે દુખી થયેલા છે. તેમની સાચવણીની કામગીરી પરિવાર માટે પણ મુશ્કેલરૂપ હોય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે. આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે. ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે. એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઈરાદા સાથે આગળ વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઈ શકે છે. વિલ પાવરને અથવા તો ઈચ્છાશક્તિને



મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ શરાબની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઈએ. કોઈ ટેવને છોડવા માટે તબક્કાવાર રીતે પ્રયાસો હાથ ધરવા જોઈએ. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઈ શકે છે. કારણ કે નશાની શરીરને ટેવ પડેલી હોય છે. જેથી એકદમ છોડી દેવાની સ્થિતીમાં તે વધારે અસર કરી શકે છે. આડ અસર કરી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબ અનેક બિમારીને આમંત્રણ આપે છે. જેમાં કેન્સર જેવી જીવલેણ બિમારી પણ સામેલ છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકો પર માઠી અસર થાય છે. આ પ્રકારની શરાબની ટેવથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબની ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં શરાબ સેવન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ શરાબના લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ શરાબની ટેવના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને શરાબ પીવાની ટેવ પડી ગઈ છે તો સૌથી પહેલાં તેને છોડી દેવાના પ્રયાસ કરવા જોઈએ. અલબત્ત આમા સમય લાગી શકે છે પરંતુ ત્યાં સુધી તેની આડ અસરથી બચી શકાય છે. ડૉ. વિજય કે એસ શુક્લાનું કહેવું છે કે શરાબનો ઉપયોગ કરવાથી કેન્સર, હાર્ટના રોગ, ડાયાબિટીશ, સ્ટ્રોક, કોલ્ડ અને કફ જેવી તકલીફ થઈ શકે છે. સામાન્ય રીતે આ તમામ તકલીફો શરાબના વધારે પડતા ઉપયોગ અને પોષક તત્ત્વોનો ઓછો ઉપયોગ કરવાથી થાય છે.

શરાબ સેવન પછી શરીરમાં વિટામીન સી અને ઈ, ઝીંક, કેલ્સિયમ, ફ્લોટ અને ઓમેગા થ્રીની અછત ઊભી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખાવા પીવાની ચીજવસ્તુઓ મારફતે આવી ચીજોનો ઉપયોગ કરવામાં આવે તો શરીરને નુકશાન થવાની તકો ઘટી જાય છે. ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં શરાબ પર પ્રતિબંધ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં તો શરાબને છુટછાટ મળેલી છે. જેના કારણે સરકારને મોટી આવક પણ મળે છે. બિહાર અને ગુજરાત જેવા રાજ્યોમાં શરાબ પર વર્ષોથી પ્રતિબંધ છે.



**નવી દિલ્હીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે વિવિધ ક્ષેત્રના વિશેષ અતિથિઓને આમંત્રણ**

**વાઈબ્રન્ટ વિલેજના સરપંચો, શિક્ષકો, ખેડૂતો, માછીમારોને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરાયા. 'જન ભાગીદારી'ના વિઝનને અનુરૂપ સરકાર દ્વારા ભારતભરના દરેક ક્ષેત્રના લોકોને આમંત્રિત કરવા અને ઉજવણીનો હિસ્સો બનવાની પહેલ હાથ ધરવામાં આવી છે.**

# ગુજરાતના ખેડૂત ઉત્પાદક સંગઠનના ૭૨ પ્રતિનિધિઓ લાલ કિલ્લા પર સ્વતંત્રતા દિવસની ઉજવણીના સાક્ષી બનશે

**વાઈબ્રન્ટ વિલેજના સરપંચો, શિક્ષકો, ખેડૂતો, માછીમારોને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરાયા**

આ વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પર ભારતના પ્રધાનમંત્રી શ્રી દ્વારા સ્વતંત્રતા દિવસ ધ્વજારોહણમાં સમગ્ર ભારતમાંથી લગભગ ૧,૮૦૦ વિશેષ મહેમાનો ભાગ લેશે. જેમાં ગુજરાતના ખેડૂત ઉત્પાદક સંગઠન(FPO)ના ૭૨ પ્રતિનિધિઓ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પર વિશેષ અતિથિ તરીકે સ્વતંત્રતા દિવસની ઉજવણીના સાક્ષી બનશે. આ યોજનાનાં લાભાર્થીઓ તેમનાં કુટુંબો સહિત આશરે ૧,૮૦૦ વ્યક્તિઓમાં સામેલ છે, જેમને લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં દેશને સંબોધન સાંભળવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. 'જન ભાગીદારી'ના વિઝનને અનુરૂપ સરકાર દ્વારા ભારતભરના દરેક ક્ષેત્રના લોકોને આમંત્રિત કરવા અને ઉજવણીનો હિસ્સો બનવાની પહેલ હાથ ધરવામાં આવી છે.

ચાલુ વર્ષે ભારતને આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, ત્યારે વાઈબ્રન્ટ વિલેજના સરપંચો, શિક્ષકો, નર્સો, ખેડૂતો, માછીમારો, શ્રમ યોગીઓ, જેમણે નવી દિલ્હીમાં સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં મદદ



કરી હતી, ખાદી ક્ષેત્રના કામદારો, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શાળાના શિક્ષકો, બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના કાર્યકરો અને અમૃત સરોવર પ્રોજેક્ટ્સ અને હર ઘર જલ યોજના પ્રોજેક્ટ્સ માટે મદદ કરી હતી અને કામ કર્યુ હતું. દેશના વિવિધ ભાગોમાં અમલમાં મૂકવામાં આવેલા, આ વર્ષે નવી દિલ્હીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા માટે તેમના જીવનસાથી સાથે આમંત્રણ અપાયું છે.

ગુજરાતના પાટણ જિલ્લાના ખારી ગામના યુવા ખેડૂત ઉમેદજી ઠાકોરને આ ઐતિહાસિક સમારોહના સાક્ષી બનવાનું આમંત્રણ મળતા તેઓ સ્પષ્ટ પણે ઉત્સાહિત છે અને તેમણે કહ્યું હતું કે, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મારા જેવા નાના ખેડૂતમાં જે અપાર વિશ્વાસ દર્શાવ્યો છે, તેના કારણે જ હું નવી દિલ્હીના લાલ કિલ્લા પર જઈને ઉજવણીમાં ભાગ લઈ શકીશ." સિદ્ધપુર બ્લોકમાં રુદ્રમહાલય ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ ચલાવતા ઠાકોર આ વર્ષે સ્વતંત્રતા દિવસના કાર્યક્રમમાં ભાગ લેનારા ગુજરાત રાજ્યના ૭૨ ખેડૂત વિશેષ મહેમાનોમાંના એક છે.

આવી જ લાગણી વ્યક્ત કરતાં રાજ્યના સાબરકાંઠા જિલ્લાના ખેડૂત શ્રી ગિરીશભાઈ પટેલે જણાવ્યું હતું કે, નવી દિલ્હીમાં લાલ કિલ્લા પર યોજાનારી ઉજવણીમાં ભાગ લેવા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તરફથી આમંત્રણ મળતાં હું ખૂબ જ ખુશ છું. અન્નદાતા ખેત ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડના એફપીઓ ચલાવતા પટેલે વધુમાં જણાવ્યું હતું કે, તેમના જેવી ખેડૂતો માટે કલ્યાણકારી યોજનાઓ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ છે.

ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન (એફપીઓ) નાના ખેડૂતોને એન્ડ-ટુ-એન્ડ સેવાઓ સાથે ટેકો પૂરો પાડે છે, જેમાં ઈનપુટ, ટેકનિકલ સેવાઓથી માંડીને પ્રોસેસિંગ અને માર્કેટિંગ સુધીના ખેતીના લગભગ તમામ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



મેટ્રોની યલો લાઇનનું પણ ઉદ્ઘાટન કર્યું

